પરી/૫૦૦૦/૧૧/૧૩
અન્ડર સર્ટી. ઓફ પોસ્ટીંગ દ્વારા

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

કેસ નં. :

પત્રાંક : પરી/સેલ/ /૨૦૧
યુનિવર્સિટી રોડ, પો.બો.નં.૨૧
પાટણ (ઉ. ગુ.) ૩૮૪૨૬૫
તારીખ : / /૨૦૧

પ્રતિ,

નામ : ______________________

ઠેકાણું : ______________________

ગામ : __________ તાલુકો : __________

જિલ્લો : __________ પીનકોડ નંબર : __________

વિષય : યુનિવર્સિટી પરીક્ષામાં ગેરરીતિ આચરવા બાબત....

ભાઈશ્રી/બહેનશ્રી,

તમોએ __________ ૨૦૧ માં લેવાયેલ આ યુનિવર્સિટી __________ પરીક્ષા બેઠક નં. __________ થી __________ કેન્દ્રમાં આપી હતી. એ પરીક્ષાના તમારા કેન્દ્રના સિનયર સુપરવાઇઝર/મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્રએ આ કાર્યાલયને મોકલેલા અહેવાલ દ્વારા અમારા ધ્યાનમાં આવેલ છે કે તા __________ ૨૦૧ ના રોજ __________ વિષયના પ્રશ્નપત્ર વખતે પરીક્ષાના સમય દરમિયાન પરીક્ષા ખંડમાં :-

(૧) સદરહું વિષયને લગતી હાથેથી લખેલ લખાણવાળી કાગળની કાપલી/કાપલીઓ તમારા કબજામાંથી મળી હતી.

(૨) સદરહું વિષયને લગતું પુસ્તકનું પાનુ / પુસ્તકનાં પાના તમારા કબજામાંથી મળી આવ્યું હતું/આવ્યા હતા.

(૩) સદરહું વિષયને લગતું લખાણ આપના __________ ભાગ ઉપર લખી લાવ્યાં હતા.

(૪) ______________________

______________________

ઉપર્યુક્ત સાહિત્ય પરીક્ષામાં નકલ કરી ગેરરીતિ આચરવાના હેતુસર તમોએ તમારી પાસે રાખ્યું હતું.

આ અંગે તમે તે દિવસે આપેલ લેખિત નિવેદનમાં ગુનાનો એકરાર કરેલ છે / તમોએ નિવેદન આપવાનો ઇન્કાર કર્યો છે. અથવા નિવેદન આપ્યુ નથી.

ઉપર દર્શાવેલ વિગત જોતાં પરીક્ષાખંડ બહારથી તમો હસ્તલિખિત / છાપેલી કાગળની કાપલીઓ/ પુસ્તકનું પાન / પાનાં પરીક્ષાખંડમાં અનધિકૃત રીતે ઉતારો કરવાના બદઇરાદાથી લાવીને અને તેમાંથી ઉતારો કરવાનો પ્રયાસ કરીને તમે ગેરરીતિ અજમાવવાનો પ્રયાસ કર્યો છે તેવો આક્ષેપ તમારા પર મુકવામાં આવે છે. તો આ પત્ર મળ્યેથી એક અઠવાડિયામાં તમારો તે અંગેનો લેખિત ખુલાસો આ યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપશો. તમારો ખુલાસો પાઠવતી વખતે આ પત્રના મથાળે ડાબી બાજુ જણાવેલ કેસ નંબર તેમજ તમારું પુરુ નામ, સરનામુ, પરીક્ષાનું નામ અને બેઠક નંબરની વિગતો અચુક જણાવશો. જેથી તમારો ખુલાસો મળ્યેથી ત્વરીત કાર્યવાહી કરી શકાય.

જો સદરહુ મુદતમાં તમારો ખુલાસો નહિ મળે અથવા તમોએ આપેલ ખુલાસો સંતોષકારક જણાશે નહિ તો તમારે તે અંગે હવે કંઈ કહેવાનું નથી એમ માની આ કાર્યાલય પાસે જે હકીકત પડેલ છે તેને આધારે યુનિવર્સિટી સત્તાવાળાઓ પોતાને યોગ્ય લાગશે તે નિર્ણય કરશે અને તે નિર્ણય તમોને બંધનકર્તા રહેશે તેની નોંધ લેશો.

આપનો વિશ્વાસુ,

- મને રૂબરૂમાં પત્ર મળેલ છે.

______________________

પરીક્ષાર્થીની આખી સહી

કુલસચિવ વતી,
સિનિયર સુપરવાઇઝર
__________ પરીક્ષા

તારીખ

પરી/૫૦૦૦/૧૨/૧૩

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

## ગેરરીતિના કેસની વિગત દર્શાવતું પત્રક.

(ઓબ્ઝર્વર દ્વારા ગેરરીતિનો કેસ થાય તો તેમનું નિવેદન લેવું)

પરીક્ષા કેન્દ્રનું નામ :- ______________________

વિદ્યાર્થીનું નામ અને સરનામું :- ______________________

(ફોન નંબર સાથે) ______________________

______________________

પરીક્ષાનું નામ :- ______________________ તા.   -   -૨૦૧

બેઠક નંબર :- ____________ વિષય :- ____________

વિદ્યાર્થીની કોલેજનું નામ :- ______________________

પ્રશ્નપત્રનો સમય :- ____________ પ્રશ્નપત્ર નંબર :- ____________

ગેરરીતિ આચરતા પકડાયેલ સમય :- ______________________

ગેરરીતિ આચરતા પકડનારનું નામ :- ______________________

હોદ્દો :- ______________________

સંસ્થાનું નામ :- ______________________

ગેરરીતિ અંગે વિદ્યાર્થીનું નિવેદન :-

______________________

(વિદ્યાર્થીની પુરેપૂરી સહી)

નોંધ :- ઓબ્ઝર્વર/સિનિયર સુપરવાઇઝર તથા બ્લોક સુપરવાઇઝરે ગેરરીતિ કેસમાં હકીકતલક્ષી પૂરી વિગતો સાથે રીપોર્ટ આપવો.

વિદ્યાર્થીએ નિવેદન આપેલ ન હોય અથવા નિવેદન આપવા ન માંગતો હોય તો તે અંગેની સ્પષ્ટ રીમાર્કસ લખવા, તેમજ વિદ્યાર્થીનું સરનામું કોલેજ રેકર્ડ પરથી અચૂક લખવુ.

બ્લોક સુપરવાઈઝરનું નિવેદન

______________________

(બ્લોક સુપરવાઇઝરની સહી)

______________________

(બ્લોક સુપરવાઈઝરનું પુરૂ નામ)

પ્રાન (૨)

સિનિયર સુપરવાઈઝરનું નિવેદન / રીમાર્કસ :

(સિનિયર સુપરવાઈઝરનું નામ અને સહી)
હોદ્દો :-
કોલેજનું નામ :-

તારીખ :-
બિઠાણ :-
(૧) ઉત્તરવાહી નંબર :-
(૨) ગેરરીતિનું સાહિત્ય :-
(૩) ઓબઝર્વરનું નિવેદન / રીમાર્કસ :-

ઓબઝર્વરનું નામ અને સહી
હોદ્દો
કોલેજનું નામ
મોબાઈલ નં.

નોંધ :- જરૂરીયાત મુજબ સાયકલોસ્ટાઈલ કોપીઓ પરીક્ષા કેન્દ્રે કઢાવી લેવી.

પરી/૫૦૦૦/૧/૧૧

# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી - પાટણ

## પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી દ્વારા આચરવામાં આવતી ગેરરીતિઓ માટે નક્કી કરવામાં આવેલ સજા માટેની યાદી

**(૧) પરિણામ રદ કરવા અંગે :-**

૧) યુનિવર્સિટી અથવા યુનિવર્સિટી દ્વારા પરીક્ષાની કામગીરી સોંપાઇ હોય તેવી કોઇપણ વ્યક્તિ તરફથી થયેલ કોઇપણ સૂચનાનો અમલ ન કરે તો...

૨) તાકીદ આપ્યા છતાં પરીક્ષા ખંડમાં વિદ્યાર્થી બીજા મૌખિક કે કોઇ સંકેત દ્વારા સંદેશો વિદ્યાર્થીને પાઠવતો હોય તો...

૩) ઉત્તરવહી/ પુરવણીમાં પરીક્ષાર્થી પોતાને પાસ કરવા પરીક્ષકને વિનંતી કરતું / લાલચ આપતું લખાણ કેનિવેદન કરે તો...

૪) ઉત્તરવહી/ પુરવણીમાં પરીક્ષાર્થી ઉમેદવાર પોતાની ઓળખ માટે કોઇપણ પ્રકારની નિશાની કરે કે સાંકેતિક ભાષાનો ઉપરોગ કરે તો...

૫) પરીક્ષાર્થી ઉમેદવાર મુખ્ય ઉત્તરવહી / પુરવણીમાં ગેરરીતિભર્યું લખાણ લખે અગર અપશબ્દો લખે કે બિન શોભાસ્પદ ભાષામાં લખાણ લખે તો...

**(૨) પરિણામ રદ અને તે પછીની એક પરીક્ષામાં બેસવા દેવા નહિ :-**

૧) મદદ કરવા વિનંતી સાથે જવાબવાહીમાં ચલણી નોટ અથવા ચલણી નોટો જોડી હોય તો...

૨) પરીક્ષા ખંડમાં પરીક્ષા દરમ્યાન વિષયને લગતું સાહિત્ય નોંધ લખાણ વગેરે પરીક્ષાર્થીની બેંચ પાસેથી/ નીચેથી અગર તો આજુબાજુ મળી આવે તો...

૩) ઉમેદવાર પરીક્ષા ખંડમાંથી કોઇપણ કારણસર બહાર જવાની પરવાનગી લઇને અનધિકૃત વ્યક્તિને મળે તો...

**(૩) પરિણામ રદ અને તે પછીની બે પરીક્ષામાં બેસવા દેવા નહિ :-**

૧) પરીક્ષાર્થી ઉમેદવાર અથવા તેમના પ્રતિનિધિ પોતાની ઉત્તરવહીમાં ગુણ વધારી આપવા પરીક્ષકનો સંપર્ક સાધે અગર તો પરીક્ષકને લાંચ આપવાનો પ્રયત્ન કરે/ લાંચ આપે તો...

૨) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસે જે તે સંબંધિત વિષયને લગતી નોટીસ, માર્ગદર્શિકા, ટેક્સબુક, નકલો વગેરે હોય તો...

૩) પરીક્ષાર્થીની ઉત્તરવહીમાંથી વિષયને લગતું સાહિત્ય પરીક્ષકને મળી આવ્યું હોય તેવો અહેવાલ રજુ કરવામાં આવે તો...

૪) ઉમેદવારે પરીક્ષા ખંડમાં પ્રશ્નપત્ર અથવા જવાબવહી બહાર ફેંકી દીધી હોય તો...

૫) પરીક્ષાર્થી કે તેના પ્રતિનિધિ મુખ્ય ઉત્તરવહી/પુરવણી ફાડી નાંખે અગર તો મુખ્ય ઉત્તરવહી/ પુરવણી ઉપરના બેઠક ક્રમાંક અગર તો અન્ય લખાણ સાથે ચેડાં કરે/ કરાવે તો...

૬) ઉમેદવાર પરીક્ષા ખંડમાંથી જવાબવહી અથવા પૂરક જવાબવહી બહાર લઇ જાય તો...

૭) મુખ્ય ઉત્તરવહી/ પુરવણી ચાલુ પરીક્ષા દરમ્યાન અગર તો પરીક્ષા પૂરી થયે ખંડ નિરીક્ષકને નહિ સોંપતા લઇને જતાં રહે તો...

(કૃપયા ઉલટાવો)

૮) પરીક્ષા ખંડમાં ઉમેદવારે બીજા ઉમેદવારને ચબરખી અથવા મુખ્ય કે પૂરક જવાબવહી પસાર કરી હોય કે હાથમાં ઉત્તરવહી એવી રીતે પકડીને ઉંચી રાખે કે જેથી બાજૂનો કે પાછળનો વિદ્યાર્થી તે વાંચી શકે અથવા ઉપરના સાહિત્યની એક-બીજાએ અદલા-બદલી કરી હોય તો...

૯) પરીક્ષકના રીપોર્ટ પરથી ઉમેદવારે એક-બીજાનામાંથી યા અન્ય રીતે ચોરી કરેલી છે. એમ યુનિવર્સિટીને ખાતરી થાય તો...

૧૦) પરીક્ષા ખંડમાં નકલ કે ઉતારો કરતા પકડાય તો...

૧૧) વર્ગમાં સામુહિક ચોરીના કીસ્સાઓ ધ્યાનમાં આવે તો...

૧૨) પરીક્ષાર્થીના શરીરના ભાગો ઉપર, કપડાં ઉપર, રૂમાલ ઉપર જે તે વિષયને લગતું લખાણ મળે તો...

૧૩) પરીક્ષા ખંડમાં મોટેથી બોલીને ઉત્તરો લખાવે તો...

૧૪) કુદરતી હાજતના બહાને જઈને પરીક્ષાને લગતું છૂપાયેલ સાહિત્ય વાંચતો પકડાય તો અથવા બીજા પરીક્ષાર્થી સાથે વાતચીત કરતાં પકડાય તો...

(૪) પરિણામ રદ અને તે પછીની ત્રણ પરીક્ષામાં બેસવા દેવા નહિ :-

૧) પરીક્ષા ખંડમાં કોઈ ઉમેદવારે બીજા ઉમેદવાર પાસેથી ઉત્તરવહી ઝૂંટવી લીધી હોય તો...

૨) પરીક્ષા સ્થળે ગેરશિસ્તભર્યું વર્તન કરવા માટે...

(૫) પરિણામ રદ અને તે પછીની ચાર પરીક્ષામાં બેસવા દેવા નહિ :-

૧) પરીક્ષાર્થીને અગર તો તેનાં પ્રતિનિધિ પરીક્ષા ખંડમાં પરીક્ષા દરમ્યાન લખેલી મૂળ ઉત્તરવહી/પુરવણીઓને બદલે બહારથી લખેલી ઉત્તરવહી/ પુરવણીમાં પરીક્ષા પુરી થયા બાદ ખંડ નિરિક્ષક/ બિલ્ડીંગ કન્ડકટર અગર તો મુખ્ય નિયામક દ્વારા અગર તો અન્ય કોઈ, રીતે બદલવા/ બદલાવવાનો પ્રયત્ન કરે અગર તો બદલાવે તો...

૨) ઉમેદવાર જવાબવહીના અથવા પૂરક જવાબવહીના જવાબો લખીને પરીક્ષા ખંડમાં બહારથી લાવ્યો હોય તો...

૩) મૂળ ઉમેદવારને બદલે અન્ય વ્યક્તિ પરીક્ષામાં બેઠી હતી એમ સાબિત થાય તો...

(૬) પરિણામ રદ અને તે પછી કાયમ માટે પરીક્ષામાં બેસવા દેવા નહિ :-

૧) પરીક્ષા સ્થળે મારામારી કે હિંસક કૃત્ય કરવા માટે અથવા ઘાતક હથિયાર લાવવા માટે અથવા ઈજા પહોંચાડી શકે તેવું સાધન લાવવા માટે...

(૭) અનુક્રમ નંબર ૧ થી ૬ માં દર્શાવ્યા મુજબના કિસ્સા સિવાયના અન્ય પ્રકારના ગેરરીતિના કિસ્સામાં શિક્ષા નક્કી કરવાની સત્તા કારોબારી સમિતિને રહેશે.

આપનો વિશ્વાસુ,

પરીક્ષા નિયામક

(એકઝીકયુટીવ કાઉન્સીલની સભા તારીખ ૨૨-૧૨-૯૮ ઠરાવ ક્રમાંક - ૩૯)